# બ્રેમ્પટનમાં રૂબરૂમાં અને વર્ચ્યુઅલ સમર કેમ્પ્સનું રજીસ્ટ્રેશન જૂન 7 નાં રોજ શરૂ થાય છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 4, 2021) – આ ઉનાળામાં, બ્રેમ્પટન રિક્રિએશન રૂબરૂમાં અને વર્ચ્યુઅલ સમર કેમ્પ્સ જુલાઇ 5 થી સપ્ટેમ્બર 3 સુધી કરશે. બ્રેમ્પટનવાસીઓ માટે રજીસ્ટ્રેશન સોમવાર, જૂન 7 નાં રોજ, સવારે 6 વાગ્યાથી શરૂ થશે.

**રૂબરૂમાં સમર કેમ્પ્સ**

સીટી ઓફ બ્રેમ્પટનના નવ જેટલા રિક્રિએશન સેન્ટર્સ બાળકો અને જુવાનો માટે રૂબરૂમાં સમર કેમ્પ્સનું આયોજન કરશે. આ કેમ્પ્સમાં પ્રવૃત્તિઓ જેમ કે ગેમ્સ, સ્પોર્ટ્સ, ક્રાફ્ટ્સ અને ઘણી બધીનો સમાવેશ થાય છે, જે સોમવારથી શુક્રવાર સવારે 8:45 થી સાંજે 5:15 વાગ્યા સુધી અને ઓગસ્ટ 2 થી શરૂ થતા અઠવાડિયામાં ઓછાં સમય માટે ચાલશે.

અત્યારે ગવર્મેન્ટ ઓફ કેનેડાએ રૂબરૂમાં સમર કેમ્પ્સ યોજવાની પરવાનગી આપી છે. પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે સહભાગીઓ અને કર્મચારીગણનું આરોગ્ય અને સુરક્ષાની ખાતરી કરવા સીટી ઓફ બ્રેમ્પટન વધારાના પ્રોટોકૉલ્સનો અમલ કરી રહ્યું છે. સહભાગીઓએ ઈનડોર્સમાં બધાં સમયે, અને આઉટડોર્સમાં વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવું શક્ય ન હોય ત્યારે ફેસ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. કેમ્પર્સને જૂથોમાં વિભાજીત કરવામાં આવશે જેથી તેઓ એકબીજા સાથે પારસ્પરિક સંવાદ કરી શકશે નહીં. વધારે તીવ્ર સફાઇ કાર્યપદ્ધતિઓ, દરરોજ તપાસ, અને ઘણું બધુંનો અમલ કરવામાં આવશે.

રૂબરૂમાં સમર કેમ્પ માટે આરોગ્ય અને સુરક્ષાને લગતી બાબતો પર પૂરી વિગતો માટે અહીં ક્લિક કરો.

ફી અલગ અલગ છે. નોંધણી કરાવવા 311 નંબર પર કૉલ કરો અથવા વેબસાઇટ જુઓ, www.brampton.ca/reccamps.

**વર્ચ્યુઅલ સમર કેમ્પ્સ**

બ્રેમ્પટનમાં સતત બીજા વર્ષે, બાળકો અને જુવાનિયાઓ વર્ચ્યુઅલ સમર કેમ્પ્સ માટે નોંધણી કરાવી શકે છે. કેમ્પ્સ સોમવારથી શુક્રવાર દિવસ દીઠ 1.5 કલાક માટે ચાલે છે, જેમાં શરૂઆતનો સમય પ્રોગ્રામ પ્રમાણે બદલાય છે. તાલીમબદ્ધ બ્રેમ્પટન રિક્રિએશન ઈન્સ્ટ્રક્ટર્સ બધાં પ્રોગ્રામ્સની આગેવાની WebEx મારફતે કરે છે.

અઠવાડિક વર્ચ્યુઅલ કેમ્પમાં ભાગ લેવાની ફી $75 છે, જેમાં પરત ન કરવાની $25 મૂલ્યની મટીરિયલ કિટ સામેલ છે. મટીરિયલ કિટ સાથે થનારા વર્ચ્યુઅલ કેમ્પ્સ માટે કિટ કેમ્પ શરૂ થતા પહેલાં અવશ્ય લઇ જવી. સહભાગીઓને પિક-અપ સ્થળો અને સમય સંબંધિત વિગતો ઈન્સ્ટ્રક્શન ઈમેઇલમાં આપવામાં આવે છે.

વર્ચ્યુઅલ કેમ્પ માટે નોંધણી કરાવવાની છેલ્લી તારીખ કેમ્પ શરૂ થતા પહેલાંના શુક્રવાર સુધીની છે. નોંધણી કરાવવા 311 નંબર પર કૉલ કરો અથવા વેબસાઇટ જુઓ, www.brampton.ca/reccamps.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca